# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-06-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

# AHMEDABAD DNA MATCH

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 202 DNA નમૂના મેચ થયા છે. જ્યારે 159 જેટલા પાર્થિવ દેહ મૃતકોના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. સિવિલ હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.રાકેશ જોશીએ જણાવ્યું કે પાંચ પરિવારો નજીકના સમયમાં સ્વજનોના પાર્થિવ દેહ સ્વીકારવા આવશે , જ્યારે 15 પરિવારો બીજા સ્વજનના DNA મેચની રાહમાં તેમજ ત્રણ પરિવારોના ઓળખ પુરાવાની પ્રક્રિયા ચાલી રહી છે.

(બાઇટ: ડો.રાકેશ જોશી, સિવિલ હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ)

વિમાન દુર્ઘટનામાં બચનાર એકમાત્ર મુસાફર વિશ્વાસકુમારને પણ સિવિલ હોસ્પિટલમાંથી રજા અપાઈ. જ્યારે તેમના ભાઈનો મૃતદેહ પણ ગઈકાલે રાત્રે પરિવારજનોને સોંપવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .

# BJ MEDICAL

આગામી 23 તારીખથી બીજે મેડિકલ કોલેજનું શૈક્ષણિક સત્ર શરૂ થશે. કોલેજના વડા મીનાક્ષી પરીખે જણાવ્યું હતું કે 24 તારીખે વિમાન દુર્ઘટનાના મૃતકો માટે પ્રાર્થના સભા યોજાશે. તેમણે ઉમેર્યું કે ભોજન માટે મેસનું નવું બિલ્ડિંગ બને ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા કરી લેવામાં આવી છે.

. . . . . . . . . . . . . .

# CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મંત્રીમંડળની બેઠક યોજાઇ. બેઠકમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અવસાન પર શોક પ્રસ્તાવ પસાર કરાયો હતો. ત્યારબાદ વિમાન દુર્ઘટના બાદ ચાલી રહેલી કામગીરી DNA પરીક્ષણ, કેન્દ્રીય એજન્સીઓ દ્વારા ચાલી રહેલી તપાસ અંગે પણ સમીક્ષા થઈ. દરમિયાન, રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિ તેમજ સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં રાહત બચાવ , સ્થળાંતર સહિતની કામગીરી અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# RAIN LAST 24 HOURS

નૈઋત્ય ચોમાસાના આગમન સાથે જ રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૨૭ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદની શરૂઆત થઈ છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ આજે સવારે છ વાગે પૂરા થયેલાં ૨૪ કલાક દરમિયાન બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં સૌથી વધુ ૭.૫ ઇંચ વરસાદ વરસ્યો છે. જ્યારે , સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાં ૬ ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

બપોરે બે વાગ્યા સુધીમાં ડાંગનાં સુબીર તાલુકામાં ત્રણ ઈંચ વરસાદ પડ્યો.

બોટાદ તાલુકામાં, સુરેન્દ્રનગરના મુળી અને જામનગરના જોડિયા તાલુકામાં ૫ ઇંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. સુરેન્દ્રનગરના થાનગઢ તેમજ ભાવનગરના ઉમરાળા અને વલ્લભીપુર તાલુકામાં પણ ૪ ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત સાત તાલુકામાં ૩ ઈંચથી વધુ અને ૧૭ તાલુકામાં બે ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૦.૪૬ ટકા જેટલો નોંધાયો છે. જેમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૧૯.૧૮ ટકા , કચ્છ વિસ્તારમાં ૧૭.૫૫ ટકા , પૂર્વ મધ્ય ગુજરાતમાં ૯.૭૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫.૭૫ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૫.૪૫ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે.

. . . . . . . . . . . . .

# KUVARJI CONTROL CELL

રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિને ધ્યાને રાખીને જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ ગાંધીનગર સ્થિત 'ફ્લડ કંટ્રોલ સેલ 'ની મુલાકાત લીધી. તેમણે બોટાદ,ભાવનગર અને રાજકોટમાં હોટલાઇન પર સ્થાનિક અધિકારીઓ સાથે વાત કરી વરસાદ-જળાશયોની વિગતો મેળવી.

શ્રી બાવળિયાએ ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને સાવચેતીના ભાગરૂપે જરૂરી સૂચનો પણ કર્યા હતા. તેમણે જણાવ્યું કે, જળાશયોમાં પાણીની વધુ આવક થાય ત્યારે સાવચેતીના ભાગરૂપે હાઈ એલર્ટ , એલર્ટ અને વોર્નિંગ જાહેર કરવામાં આવે છે તેની માહિતી સંબંધિત અધિકારીઓને મોકલવાની સાથેસાથે જિલ્લા કલેક્ટર, વહીવટી તંત્રને પ્રાપ્ત થાય તે માટે વ્યવસ્થા કરવી જોઈએ , જેથી તેઓ આગોતરી જાણ સ્થાનિક સ્તરે કરી શકે અને જાન-માલહાનિ ટાળી શકાય

. . . . . . . . . . . . .

# KADI ELECTION

મહેસાણાની કડી વિધાનસભા પેટા ચૂંટણી માટે કડી શહેરમાં 54 અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારના 240 મતદાન મથકો પર નિયુક્ત કરેલા કર્મચારીઓ EVM સાથે સાંજ સુધીમાં રવાના થશે. ચૂંટણી દરમિયાન એક હજાર 900 થી વધુ કર્મચારીઓ મતદાન મથકો પર ફરજ બજાવશે. કડી શહેરમાં ન્યુ આદર્શ હાઈસ્કૂલ ખાતે મતદાન બુથ નંબર 158ને દિવ્યાંગ બુથ બનાવાયુ છે. લક્ષ્મીપુરા તેમજ રંગપુરડા ગામ ખાતે સખી બુથ બનાવાયુ છે. કડી વિધાનસભા વિસ્તારમાં કુલ 2 લાખ 89 હજાર 927 મતદારો છે.

. . . . . . . . . . . . .

# JUNAGADH GREEN BOOTH

મહેસાણાની કડી અને જૂનાગઢની વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાશે. ત્યારે વિસાવદર વિધાનસભા મત વિસ્તારના 15 ગામોમાં 29 હરિત મતદાન મથક બનાવાશે. અમારા પ્રતિનિધિ સંજીવ મહેતા જણાવે છે કે વિસાવદર, ભેસાણ અને જૂનાગઢ ગ્રામ્ય તાલુકામાં 5-5 ગામોમાં ગ્રીન બુથ બનાવાશે, જેમાં આંબા-આસોપાલવના તોરણ અને ફુલ, છોડના કુંડાથી મતદાન મથકો સુશોભિત કરાશે.

. . . . . . . . . . . . . .

# VERAVAL-GANDHINAGAR EXPRESS

વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ટ્રેન હવે રાબેતા મુજબ દોડશે. અગાઉ રાજકોટ ડિવિઝનના રાજકોટ-બિલેશ્વર સેક્શનમાં બ્લોક લેવામાં આવ્યો હતો, જેના કારણે ટ્રેન નંબર 19120 વેરાવળ -ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસને દર શુક્રવારે અને રવિવારે વેરાવળ સ્ટેશનથી એક કલાક અને 15 મિનિટ મોડી ચલાવવામાં આવી રહી હતી. હવે આ બ્લોક હટાવી દેતા હવે આ ટ્રેન વેરાવળ સ્ટેશનથી તેના નિર્ધારિત સમય સવારે સાડા સાત કલાકે ઉપડશે.

. . . . . . . . . . . .

# AMBAJI HOSPITAL

યાત્રાધામ અંબાજીની જનરલ હોસ્પિટલને 50 પથારીથી વધારીને 100 પથારીવાળી કરવામાં આવી છે. OPD વધતી જતી સંખ્યાને કારણે માત્ર 50 પથારીવાળી હોસ્પિટલમાં અસુવિધા ઊભી થતી હતી. આ અંગે હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ડન્ટ ડૉ.વાય.કે.મકવાણાએ વધુ માહિતી આપી.

(બાઈટ: ડૉ.વાય.કે.મકવાણા, સુપ્રિટેન્ડેન્ટ)

. . . . . . . . . . . . . .